R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

AUGUAST - 2016

Total - 36 Pages

Vol No. 60 Issue No.5



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ રજૂ કરે છે
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીયા (ધરીવાલા) પુરસ્કૃત

# ૬૫મો વાર્ષિક રસોત્સવ

રવિવાર ૧૩મી નવેમ્બર,
બિરલા માતૃશ્રી સભાગૃહ ખાતે,
સવારે ૯.૦૦ કલાકે
આ કાર્યક્રમના મુખ્ય મહેમાન

**શ્રી અમરિશભાઈ પ્રવીણચંદ્ર કચેરીઆ**

## "Balasinor's Got Talent"

આ વર્ષે રસોત્સવ આપણા લોકોની વિવિધ ટેલેન્ટ જેવી કે Dance, Drama, stand up Comedy, Gymnastic, Music, Magic, Singing, Hand Gestures વગેરે પર આધારિત રાખવામાં આવ્યો છે.

ભાગ લેવા ઈચ્છતા કલાકારોએ ૩૧મી ઓગસ્ટ સુધી ગ્રુપ બનાવી નામ લખાવવા. Audition 17th September શનિવારે રાખવામાં આવ્યું છે. નામ લખાવવા તેમ જ કોઈ પણ જાણકારી માટે Co-ordinator : Saumil Mody - 9920213426 અથવા સંયોજક અમી ધારીઆ – ૯૯૬૯૧૧૪૦૮૩નો સંપર્ક કરવા વિનંતી.

| Secretary | Co-ordinator | Convineor |
| --- | --- | --- |
| Bhavesh Modi | Saumil Modi | Ami Dharia |

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૫ | ૨૦-૦૮-૨૦૧૬ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# શ્રાવણી - ભકિત

## શિવ-કૃષ્ણના ચિંતનનો પવિત્ર મહિનો

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

શ્રાવણ માસ કૃષ્ણ ચિંતનનો મહિનો છે. તેમ શિવતત્વને સમજવાનો પણ મહિનો છે. એક બાજુ શ્રાવણ માસમાં જન્માષ્ટમીનું સ્મરણ થાય છે, તો કૃષ્ણ ભક્તો નંદના લાલાનાં જન્મને વધાવવા માટે હવેલીઓમાં ને કૃષ્ણ મંદિરોમાં લાલાનું પારણું રોજ શણગારતા હોય છે.

શ્રાવણ મહિનામાં બાર જ્યોર્તિલિંગનું વિશેષ મહત્વ રહે છે. આમાં સોમનાથનું મહત્વ જોઈએ. ભગવાન શ્રી સોમનાથની સ્થાપના ચંદ્રના પ્રબળ અખંડ તપનો પરિપાક છે. શાસ્ત્ર અનુસાર ચિત્રકુટ મંદાકિનીના સરિતા તટે અત્રિ ઋષિનો આશ્રમ હતો ને જેમાં વસતા અત્રિને અનસૂયા દેવી-પત્નીના તેજસ્વી સંતાન એટલે ચન્દ્ર તેના લગ્ન દક્ષ પ્રજાપતિની ૨૭ કન્યાઓ સાથે થયા હતા. જેમાં ચંદ્ર રોહિણી પ્રત્યે સદ્‌વર્તાવ રાખતા ને અન્ય પત્નીઓ પ્રત્યે અન્યાય કરતા. આથી દક્ષની એ સર્વ પુત્રીઓએ પિતા સમક્ષ ફરિયાદ કરી. દક્ષ પ્રજાપતિએ ચંદ્રને ઠપકો આપ્યો ને સર્વ પ્રત્યે સમાન વર્તન રાખવા અરજ કરી. પરંતુ ચંદ્રે તે વિનંતીને પણ લક્ષ્યમાં લીધી નહિ. આથી દક્ષે શાપ આપ્યો કે ચંદ્રનો ક્ષય થશે. આ શાપને કારણે ચંદ્રે શિતળતા ગુમાવી. સમગ્ર લોકમાં હાહાકાર થઈ ગયો. પૃથ્વીએ રસાતવ ગુમાવી દીધી જેથી દેવો ને ઋષિઓ

બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ ચંદ્રને કહ્યું, તું શિવ ઉપાસના કર, ભગવાન ભોળાનાથ જ તને શાપમાંથી બચાવશે, ને જણાવ્યું કે પ્રભાસ નામના ક્ષેત્રમાં જઈ સરસ્વતીને તીરે ચંદ્રનો શાપ મટશે આથી ચંદ્ર પ્રભાસ આવ્યાને દસ કરોડ જેટલા મૃત્યુંજય જપના જાપ કર્યા. બ્રહ્માજીની કૃપાથી તેજસ્વી સ્વયંભૂ સ્પર્શલિંગ સ્થાપી શિવને પ્રસન્ન કર્યા. શિવ ભગવાને ચંદ્રને કહયું કે, તારો શ્રાપ પૂર્ણ રીતે દૂર કરી શક્તો નથી. પરંતુ એક પખવાડિયું તારી કળાની વૃધ્ધિ થશે ને બીજા પખવાડીયે તારી કળા ઘટશે. આમ શિવજીની આરાધનાથી ચંદ્રને ભાસ એટલે કે પ્રકાશ મળ્યો તેથી આ પ્રભાસતીર્થ તરીકે ઓળખાયું. સોમ એટલે ચંદ્ર અને તેના નામ એટલે સોમનાથ, સોમનાથની સ્થાપના ચંદ્ર અને તેમના પત્ની રોહિણી દ્વારા પ્રતિષ્ઠિત કરાઈ હોવાથી ભગવાનશ્રી શંકરે ચંદ્રને તેના લલાટમાં કાયમી સ્થાન આપ્યું. તેથી આજે પણ ભગવાન શંકરના મસ્તક પર બીજનો ચંદ્ર બિરાજે છે.

સનાતન હિંદુધર્મનો પવિત્ર ધર્મગ્રંથ ભાગવદ્ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કુરુક્ષેત્રમાં કૌરવ અને પાંડવોના યુદ્ધ વખતે અર્જુનને ઉપદેશ આપતાં કહે છે.

**'જ્યારે જ્યારે ધર્મનો નાશ થશે**
**ત્યારે હું જન્મ ધારણ કરીશ.'**

કૃષ્ણનો જન્મ મોહરાત્રિએ થયો હતો. તે વિષ્ણુ ભગવાનના અષ્ટમ અવતાર ગણાય છે. આ રાત્રે શ્રી કૃષ્ણ ભગવાનનો પ્રાદુભાર્વ થયો હતો. કૃષ્ણનો અર્થ જોઈએ તો 'કૃષ' એટલે સત્તાવાચક અને 'ણ' એ આનંદદાયક. શ્રી કૃષ્ણનો જન્મ રોહિણી નક્ષત્રમાં થયો હતો. આ નક્ષત્ર એટલે પૃથ્વીને સંતૃષ્ઠ કરીને ધનધાન્યની વર્ષા કરનાર નક્ષત્ર. વિષ્ણુ એટલે સૃષ્ટિના પાલક. કૃષ્ણ જન્મનું પ્રતીકાત્મક મહત્વ સમજી શકાય તેવું છે. ચોમાસું બેસે, પૃથ્વી લીલછમ બની જાય ને ખેડૂતો આનંદ ઉત્સવ ઉજવે. પ્રભુ જેલના સળિયા પાછળ જન્મ્યા શ્રી કૃષ્ણની બંસરી નાદ બ્રહ્મનું પ્રતિક છે. કૃષ્ણનો અને યશોદાનો સંબંધ માતા અને પુત્રનો તો છે જ પરંતુ યશોદા સૃષ્ટિની બધીજ માતાઓના વાત્સલ્ય ભાવનાનું

## શ્યામ

**- સરલાબેન દેસાઈ (દેડકી)**

શ્યામ તને ગોતુ હું હૈયાની
હાટડીમાં
શ્યામ તને જોઉં હું નયનોની
છાવણીમાં.
શ્યામ તારી બંસરીના નાદમાં
હું ડોલતી
શ્યામ તને રાધાની સંગે
બોલાવતી
હીંડોળા ખાટમાં તને ઝુલાવું
શ્યામ શ્યામ કરતી હું નિંદરમાં
ડોલતી
પાપણના પલકારે હું રે ઝુલતી
શ્યામ નામની ધુણી ધકાવી,
કાયાના કંકટમાં ઈંધણ પુરતી

પ્રતિક છે. કૃષ્ણનો અવતાર એ આપણી ભીતરમાં પ્રગટ થતો અલૌકિક દિવ્ય પ્રકાશનો જ જન્મ છે. મોહરાત્રિના ગર્ભમાં છુપાયેલો આ પ્રકાશપુંજ છેવટે આપણી અંદર જ સાક્ષાત પ્રગટ થાય છે.

પવિત્ર શ્રાવણ માસમાં શણગારેલા શિવાલયોમાં જઈ ભક્તો આઠેય પહોરની પૂજા માટે ભોળાનાથને દૂધ અને બિલ્વપત્ર ચડાવી શિવવંદના કરે છે. બિલ્વની ઉત્પતિની કથા મુજબ બિલ્વનું વૃક્ષ દેવીના પ્રસ્વેદ બિંદુમાંથી પાંગર્યું છે. બીજી માન્યતા મુજબ બિલ્વવૃક્ષની ઉત્પત્તિ મહાલક્ષ્મીની તપશ્ચર્યાના પરિણામ રૂપે થઈ છે. તેના ફળ થી આધ્યાત્મિક અજ્ઞાનતા દૂર થાય છે. આ બીલીના ફળની વિશિષ્ટતા છે કે તેમાં કળી ફૂલ આવતાં નથી. સીધા જ ફળ આવે છે. ભગવાન વિષ્ણુએ વિશ્વના કલ્યાણ માટે શિવલિંગનું પૂજન કર્યું હતું ત્યારે બિલ્વ લક્ષ્મીજીની હથેળીમાં ઉગેલું. ત્રિદલ બિલ્વપત્ર, સૂર્ય, ચંદ્રને અગ્નિ સ્વરૂપ ત્રિ-નેત્રો છે તે શિવના ત્રિશૂલનો નિદેશ કરે છે. મુનિ યાજ્ઞવલ્કયના કહેવા પ્રમાણે બીલીપત્રથી થતી શિવભક્તિ બધી મનોકામના પૂર્ણ કરે છે. સમુદ્ર મંથનમાંથી પ્રાપ્ત થયેલ હળાહળ 'વિષ' શંકરે પીધું એટલે તેઓ નિલકંઠ કહેવાયા. આ વિષપાનથી તેઓ તપ્ત બન્યા. તપ્ત ગરમીનું ઘેન ઉતારવા માટે આયુર્વેદિક ગુણો બીલીપત્રમાં છે. આથી જ વિષપાનનું ઝેર ઉતારવા ને ગરમી શાંત કરવા ભગવાન શંકરને બીલીપત્ર ચઢાવવામાં આવે છે.

**'હર હર મહાદેવ'. ઉમાપતિ મહાદેવ કી જય.**
**નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી**
**હાથી, ઘોડા, પાલખી, જય કનૈયા લાલકી.**

✤✤✤✤✤

# મારે સંગીતને જાણવું છે

**- મનીષા શાહ**

સંગીતને માણવાનો સૌને શોખ હોય છે. પણ એને માણવા માટે એને જાણવું એ પણ સૌની આશા હોય છે. સંગીતનું જ્ઞાન, સંગીતનો પરિચય અને સંગીત વિષે કંઈક વિશેષ કહેવાનો અને બાલાસિનોરવાસી જેને આ સંગીતને જાણવું છે તેને માટે આ લેખ લખવાનો મારો આ અડગ નિશ્ચય છે. આશા છે કે તમારા સૌના સહકારથી હું આ જ્ઞાન સૌને હૃદય સુધી આપી શકું.

'ગીતં વાદ્યં તથા નૃત્યં, ત્રયં સંગીત મુચ્યતે'

**સંગીત એટલે શું ?**

ગાયન, વાદન અને નૃત્ય ત્રણેનો સંગમ એટલે સંગીત.

સંગીત એક લલિત કળા છે. જેમાં સ્વર અને લય દ્વારા આપણે આપણા ભાવોને પ્રગટ કરી શકીએ છીએ. જેમ મૂર્તિકળા, ચિત્રકળા, વાસ્તુકળા એવા માનવીના ભાવોને પ્રગટ કરવા આપણે કોઈ માધ્યમનો ઉપયોગ કરીએ છીએ. તેમ જ સંગીતમાં સ્વર અને લયના ઉપયોગથી સંગીતની રચના થાય છે.

સંગીત એક સર્વશ્રેષ્ઠ કળા કહેવાય છે.

દેવી-દેવતાઓના યુગથી સંગીતની પ્રથા ચાલુ છે.

સંગીતની શરૂઆત બ્રહ્માજીએ કરી તેમણે સરસ્વતી દેવીને અને સરસ્વતી દેવીએ નારદ મુનિને આપી અને નારદમુનિએ રાજા ભરતને નાટયશસ્ત્ર દ્વારા સંગીતનો પ્રચાર કર્યો.

**સંગીતની ભારતમાં બે પદ્ધતિઓ છે.**

**ઉત્તર ભારતીય સંગીત- હિન્દુસ્તાની સંગીત**

જે બંગાલ, બિહાર, હરિયાણા, પંજાબ, ગુજરાત, જમ્મુ કાશ્મીર અને મહારાષ્ટ્રમાં ગવાય છે.

**દક્ષિણ ભારતીય સંગીત - કર્ણાટકી સંગીત**

જે તામિલનાડુ, મૈસુર, આંધ્ર અને દક્ષિણ ભારતમાં પ્રચલિત છે.

**સંગીતના પ્રકાર**

**શાસ્ત્રીય સંગીત**

ઉત્તર ભારતીય(હિન્દુસ્તાની)

દક્ષિણ ભારતીય (કર્ણાટકી)

**ભાવ સંગીત (સુગમ સંગીત)**

ચિત્રપટ સંગીત, લોક સંગીત, ભજન સંગીત

**શાસ્ત્રીય સંગીતઃ**

જેમાં અનેક નિયમોનું પાલન કરવું પડે છે.

રાગ, સૂર અને લયમાં રહેવું પડે છે.

આલાપ, તાન, સરગમોનું પાલન કરવું પડે છે.

**ભાવ સંગીતઃ**

જે રંજકતા લાવે છે. તેમાં સર્વ નિયમોનું પાલન કરવું જરૂરી નથી.

**આકાશગંગા સૂર્ય ચંદ્ર તારા,**
**સંધ્યા ઉષા કોઈના નથી**
**કોની ભૂમિ કોની નદી કોની સાગર ધારા,**
**ભેદ કેવળ શબ્દ અમારા ને તમારા**
**એક જ હાસ્ય એ જ રુદન આશ ને નિરાશા,**
**એ જ માનવ ઊર્મિ પણ ભિન્ન ભાષા.**
**મેઘધનુષ અંદર ના હોય કદી જંગો**
**સુંદરતા કાજ બન્યા વિવિધ રંગો...**
**આકાશગંગા ...**

આવતા અંકમાં ધ્વનિ, નાદ, સ્વર, અવાજ એટલે શું ? જાણશું ....

# છુટા છેડા

**- શૈલેષ કી. દેસાઈ**

જે પાંચે કુટુંબની હસી-ખુશી, આનંદને અભિલાષાનો અંત આણે છે. બન્ને ઘરના મા-બાપ, બાળકોની જીંદગી ભવિષ્ય પોતાનું લગ્ન જીવનનો અંત સાથે પાછા ફરેલી છોકરી ઘરમાં આવતાં પોતાના ભાઈ-ભાભીના લગ્ન જીવનમાં અશાંતીના છાંટા ઉડાડે છે. ઘરને બોજ રૂપ બની જાય છે. દરેક પ્રકરણમાં કારણો અને અંત જુદા જુદા હોય છે. તિરાડ પડવાનું કારણ ખોટી દિશામાં થતી વિચાર પ્રક્રિયા છે, તમે જે માનો છો અથવા જે ધારો છો તેજ સત્ય છે. એમ માનીને સામેની વ્યક્તિ સાથેનું કેટલા અંશે યોગ્ય છે ! તમે તમારા પતિ કે પત્ની પાસેથી અમુક પ્રકારની અપેક્ષા મુજબ ચાલતુ નથી. અપેક્ષા વધી જતાં મળતું નથી તે પ્રમાણે લગ્ન જીવનનો અંત લાવવા ઈચ્છે છે.

કુદરતે એવી ગોઠવણ કરી છે કે પુરુષ આર્થિક વ્યવસ્થા સંભાળે જ્યારે સ્ત્રી ઘર ને બાળકોની જવાબદારી સંભાળે, પણ જ્યારે સ્ત્રી સ્વતંત્ર રીતે કમાતા મગજમાં સ્વછંદતા આવે છે. મોંઘવારી ને ખર્ચાળ જીવનમાં મોટે ભાગે બન્નેએ કમાવવું જરૂરી થઈ ગયું છે. જ્યારે સ્ત્રી આર્થિક રીતે આગળ ચાલી જાય છે ત્યારે થોડી ખુંમારી, અહમ વધતા જાય છે. પુરુષ આંખમાંથી સ્થાન ગુમાવતો જાય છે. સ્ત્રી સ્વતંત્ર કમાતા તેને પુરુષની નીચે કે ઘરકામ કરવું ગમતું નથી. અમુક કેશોમાં જીવનધોરણ ઉચ્ચુ ને ખર્ચાળ બનાવતા તે ધોરણ પ્રમાણે આવકનો સ્ત્રોત ઘટી પડતાં તે દેવા તરફ જાય છે. યાતો ગુનામાં સંડોવાય છે. દુનિયામાં જેટલા મોટા ગુંડાઓ કે માફીયાઓ, સ્મગલરો, ક્રીમીનલો આ મોટા માથાનું અંગત જીવન ધોરણ કથળી પડે છે. છેલ્લા રાઉન્ડમાં કાંતો સળીયા પાછળ અથવા આત્મહત્યા તરફવળી જાય છે. રોજબરોજ પંખા પર રસી બાંધી કે ભુસકો મારી અંત લાવે છે. મનમોહન દેશાઈ એ અગાશીમાંથી પડતું મુક્યુ. રાજ ટ્રાવેલના શેઠે Sea-link પરથી ભુસકો મારવો પડયો.

જે જીવનમાં જોઈએ છે તે બધુ મળતુ નથી, કોઈવાર મેળવેલુ પણ જતુ રહે છે. મળવું જ જોઈએ એવો આગ્રહ કે હઠાગ્રહ કે દુરાગ્રહ કેટલી હદે યોગ્ય છે. દુઃખના સૌથી મોટા કારણને જ આપણે જીવનનું કારણ બનાવી દઈએ છીએ.

કન્ઝયુરીઝમના આ જમાનામાં માણસ અને વસ્તુ એકબીજામાં ભેળસેળ થવા લાગ્યા છે. એક સમય હતો જ્યારે માણસ માટે વસ્તુઓ હતી આજના યુગમાં માણસ

વસ્તુઓ માટે જીવે છે. પ્રેમ અને સંબધને વસ્તુઓનો દરજ્જો અપાય છે. માંગો અને ના મળે એટલે માણસ ભૂંરાયો થઈને સંબંધ તોડવા તૈયાર થઈ જાય છે. માણસે વિજ્ઞાન મારફતે Comfort અને Luxury માટે વસ્તુઓ ઉત્પન્ન કરી જેની જાહેરાતો પરથી મનમાં ઈચ્છાઓ ઉત્પન થતી હોય છે જે ન મળતા આર્થિક ભીંસ ઉભી કરે છે. આપણા ગામના ભાઈના ઘરમાં ૨૫૦૦ સ્કે. ફીટમાં ચાર બેડરૂમ, ચાર ટી.વી., ચાર ફોન, ચાર કોમ્પ્યુટર ને ફ્રીઝ તો ઠીક પણ ચાર વોશીંગ મશીન પણ છે.

એક ભય અને ફફડાટ જાણે સંબંધનું સત્ય બની ગયો છે. વ્યક્તિને આપણે ગમે તેટલું ચાહતા હોઈએ તો પણ જરા ઓછપ જણાતા સંબંધ ખોવા તૈયાર થઈ જઈએ છીએ. એક બાળકને જરા ના પાડતા તરત કીટ્ટા કરવા લાગે છે. સમાધાન કરવાની તૈયારી આડે અહંમ આવે છે. વસ્તુ માટે સંબંધ ખોવા માણસ તૈયાર થઈ જાય છે. ૨૦ થી ૩૦ વર્ષના સંબંધોમાં નાની સી બાબત માટે સંબંધ તોડવા તૈયાર થઈ જાય છે.

આજ કાલ ૧૦-૧૨ વર્ષના બાળકો મોટા થયા પછી પણ છુટા છેડાના ઘણા દાખલાઓ બનતા જાય છે. મિત્રની છોકરી ને ૧૨ વર્ષના બે બાળકો મોટા હોવા છતાં, છુટા છેડા લીધા. માણસની અપેક્ષા માટે લગ્ન જીવનનો અંત લાવવા તૈયાર થઈ જાય છે. અપેક્ષાઓ આપણને ખોટી દિશામાં લઈ જાય છે.

અડધા ખાલી પાણીના ગ્લાસ પર ખાલી કે ભરેલા પર દ્રષ્ટી છે તે અગત્ય છે. બે ચાર કડવા અનુભવોને પીજતા નથી, તેને સ્વીકારવાની માનસિક તૈયારી રાખવી જોઈએ, જીંદગીમાં બદલાવ અને ચેન્જ આવ્યા જ કરે છે.

તે માંથી પાસ થવા કસોટીમાંથી પાર થવું જ રહયું. જૂના ગર્લફ્રેન્ડ કે બોયૅ ફ્રેન્ડસ પાર્ટનરને મળતા શૈકાની ખીણ થી તીરાડ શરૂ થાય છે. પોતાને અહમના કિલ્લામાં કેદ કરતી આવી વ્યક્તિઓ ધીમે ધીમે મનોમન એકલા પડતા જાય છે, ને બીજી વ્યક્તિથી દૂર થતા જાય છે.

હું શા માટે કરું ? હું શા માટે સમાધાન કરું ? હું શા માટે સોરી કહું ? શા માટે સામેથી બોલવા જાઉં ? માફી માગનાર ને માફી આપનાર બન્ને ઉદાર દિલમાં મહાનતા વસાવવી જોઈએ. તેથી પ્રેમને વધુ પામે છે. સરળતા અને સહજતાથી સ્વીકાર કરતાં સંબંધો જળવાયા કરે છે. સંબંધમાં ઉતરાવ ને ચઢાવ આવ્યા જ કરે છે.

**કભી કિસિ કો મુક્કમલ જહાઁ નહીં મિલતા,**
**કહી ઝમી તો કહીં આસમા નહી મિલતા.**

**(રવિન્દ્રનાથ ટાગોર)**

તે આવું શા માટે કર્યું ? તને ના પાડેલી છતા શા માટે ? તને ડહાપણ કરવા કોને કહયું ? મારા ઘરમાં નહી ચાલે ન ફાવે તો બાપની ઘરે જતી રહે ! મારા ઘરમાં આ પ્રમાણે જ ચાલશે !

**કોઈ શર્ત હોતી નહી પ્યારમેં,**
**મગર પ્યાર શર્તો પે તુમને કીયા.**

લગ્ન જીવનને કોઈ શર્તોનું બંધન નથી હોતુ, આમાં કોઈ Contract નથી હોતો બન્નેએ મન મેળાપ કરતા જીંદગી જીવવામાં જ મજા છે. મનના મેળાપ માટે મનથી સમાધાન આવશ્યક છે. જીંદગીમાં કંઈને કંઈ ઓછુ મળે છે, ઓછું પડે છે તેને ગળી જતા શીખવું આજ જીવન છે.

**કુછ ગલતી મેરી ભી હોગી,**
**કુછ તુમ્હારી ભી હોગી',**

(કોરા કાગઝ ફિલ્મમાં છેલ્લે)

માણસ પોતાની જાતને જ પરફેક્ટ માને છે. પોતે ભૂલ કરી શક્તો જ નથી. તેને સ્વીકારવું તેને માટે અહમ ની સીમા બાંધે છે. અમુક કિસાઓમાં મોટી ઉંમર સુધી ન પરણેથી અથવા ડાઈવોસી કે વિધવા નણંદ વિલન બની જાય છે. ઘર ભાંગવામાં નાનુ મોટુ પાત્ર બજાવે છે. મારા પડોશીને ત્યાં ડાયવોસી નણંદને હિસાબે છોકરાએ ને સાસુએ વહુને મારીને ઘરભેગી કરી નાખી. આજના સુધરેલા જમાનામાં સારી સોસાયટીમાં રહેતાં કંઈ અશકય નથી, લગ્ન જીવનને બચાવવા કોઈ મનને મક્કમ રાખવું જરૂરી છે. કોઈના ચઢાણને ગેરમાર્ગે લઈ જતા સાવધ રહેવું જરૂરી છે. દોષારોપણ માનવ સ્વભાવની નબળાઈ છે. વિશ્વાસને સંબંધ કાયમ માટે

ખોઈ નાખવા કરતાં થોડીક પળો આવેશને દૂર કરતાં ઘુંટળો પી જતાં કોઈ પણ વ્યવહારને ત્રાજવે તોળાય નહી.

માટી અને પત્થરોની દિવાલ કરતા આપણે જે સિધ્ધાંતોની શાસ્ત્રોની માન, અભિમાન, અહંકાર, ઈર્ષા, ઘૃણા અને પૂર્વગ્રહ થી જે દિવસ સર્જાય છે તે વધુ મજબૂત હોય છે. સંકુચીતતા ને કારણે જીવન મુરઝાઈ જાય છે ને સમાજની બહાર પછડાઈ જઈએ છીએ. લગ્નવેળા સ્ત્રી ફક્ત કપડા, દાગીના કે રકમ જ નથી લાવતી પણ તે અરમાનની સાડી પહેરીને આવે છે. જીવનભર આનંદના કોડ લઈને આવે છે. આપણી બહેન પણ કોઈને ઘેર વહુ થઈને જાય છે. આપણી મા પણ અહી વર્ષોથી આજ પિતાઓ વર્ષો સુધી સંબંધો અતૂટ જાળવ્યા તેટલું સમજીએ તો પણ બસ છે. કદાચ તમે છૂટાછેડા સ્વિકાર્યા પણ પેલા બાળકોનું શું ? તેઓની જીંદગીનું હાસ્ય હંમેશા માટે તમે દફનાવો છો. તેના સંસ્કારનું સિંચન, ભણતર, સેલ્ફ કોન્ફીડન્સ, સેલ્ફ ડેવલપમેન્ટને ચારિત્રના ઘડતરનું શું ? પાર્ટનર સાથે તમે શરૂમાં રોમેન્સને વાસનાની પળો વિતાવી પણ જ્યારે હવે જવાબદારી અદા કરવાનો સમય છે ત્યારે છુટવા કેમ વિચારો છો.

**ફૂલ કૈસે ભી હૈ, જો ખીલે હી નહી,**
**જીનકો ખિલને સે પહેલે ફીઝા ખા ગઈ...**

છુટાછેડાનો કદી વિચાર કરવો નહિ. જીવનને બોઝ સમજવું નહી, સૃષ્ટી સર્જકને કોઈ પણ બેના દેખાવ, વિચારો, ઈચ્છાઓ સિધ્ધાંતોમાં સરખાપણુ નથી આપ્યું મળેલી પળ ભુલીને

**ચલો એક બાર ફીરસે**
**અજનબી બન જાય હમ દોનો.**

## કાંદિવલીમાં વસતા બાલાસિનોર વાસીઓનું સમુહ ભોજન (વર્ષ ૪૨મું)

કાંદિવલીમાં વસતા બાલાસિનોર વાસીઓનું સમુહભોજન તા. ૪-૯-૨૦૧૬ના રવિવારના રોજ રાખેલ છે. કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોર વાસીઓને સવારે ૧૧ કલાકે સમુહભોજન માટે નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

સ્થળઃ કેવલ બાગ, શંકરગલી, ફલાય ઓવરની બાજુમાં, કિલાચંદ રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭

**નોંધઃ** કાંદિવલીમાં વસતા તથા નવા રહેવા આવેલ સર્વેને સમુહભોજનમાં પધારવા વિનંતી છે.

**- કાંદિવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ**


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# મૃત્યુ પહેલાં એકવાર મનુષ્ય બનવું છે

**- ગીતા રાજેન્દ્ર કડકીઆ (લટકારી)**

એક વાર માનવ બની મારે જીવન જીવવું છે.
પ્રભુ એ બનાવેલી આ શ્રૃષ્ટિમાં એકવાર જીવન જીવવું છે.
મૃત્યુ પહેલાં એકવાર મનુષ્ય બનવું છે

શ્રધ્ધાને વિશ્વાસને અમર બનાવી જીવવું છે.
સંસારનાં સાંસ્કારીક વ્યવહારોને નિસ્વાર્થ ભાવે કરવા છે.
મૃત્યુ પહેલા એકવાર..

સફળતાં મળે કે ના મળે, જગતમાં જીતીને જવું છે.
જન્મ થયો ત્યારે હું રડી, પછી રડતાં લોકોને આનંદ આપ્યો છે
હસતાં હસતાં જીવન વિતાવવું છે પણ મનુષ્ય બનવું કઠીન છે.
મૃત્યુ પહેલાં એકવાર

જગતમાં એક થી અનેક સારા કાર્યોને સફળતાપૂર્વક કરવા છે.
સંસાર સાથેના સંબંધોને પ્રેમથી સાચવવા છે.
મૃત્યુ પહેલા એકવાર...

જન્મે હું બાળકી બની, દિકરી બન્યા. પત્ની બન્યાં,
માતા બની શકાય છે. પણ માનવ બનવું કઠીન છે.
મૃત્યુ પહેલા એકવાર મનુષ્ય બનવું છે.

જન્મે (પુરૂષ) બાળક બન્યો અને પુત્ર બન્યા, દિકરો બન્યા,
પતિ બન્યા, પિતા બની શકાય છે પણ માનવ બનવું મુશ્કેલ છે.
મૃત્યુ પહેલા એકવાર મનુષ્ય બનવું છે.

ગુરૂ બન્યા, શિક્ષક બન્યા, કલેકટર પણ બન્યા,
મંત્રી ને તંત્રી બની શકાય, વડા પ્રધાન પણ બની શકાય છે.

પણ મનુષ્ય બનવું કઠીન છે..
મૃત્યુ પહેલા એકવાર મનુષ્ય બનવું છે.

આ સંસારનાં ખોટા અવગુણોથીને અવિશ્વાસથી બચવું છે.
શ્રદ્ધાને વિશ્વાસથી જીવનને આગળ ધપાવવું છે.
પણ મનુષ્ય બનવું કઠીન છે.
મૃત્યુ પહેલા..

પ્રભુ સેવા, (દાન) દાન પુણ્ય કરવા છે.
આ જીવનને સત્યનાં સારા માર્ગે દોરવું.
મનુષ્ય બની મારે જીવવું છે.

મૃત્યુ પહેલાં એકવાર..
માનવ માંથી રામ બન્યા, કૃષ્ણ બન્યા, દેવ દેવીઓ પણ બન્યા.
એવા વિશ્વનાં વિધાતા, પાલન હાર બન્યા.
મૃત્યુ પહેલાં ને મૃત્યુ પછી પછી મનુષ્ય બની ગયા..
મૃત્યુ પહેલા એકવાર મનુષ્ય બનવું છે.

સાક્ષાત્કાર એવા મહાન માનવનાં મૃત્યુ જેવા કે જીસસનો જન્મ થયો, એવા ઈશુ જગતમાં ના મળે. એકવાર મૃત્યુ પછી જીવંત બની માનવ બની પાછા આવ્યા.
મૃત્યુ પહેલા કે પછી પણ મનુષ્ય બની ગયા.

આ ક્ષણ ભંગુર જીવ ક્ષણમાં ચાલ્યું જશે. 'ગીતા'નો આ 'દેહ' આત્માને પરમાત્મા સાથે ભળી જશે, મનુષ્ય બની મારે જીવવું છે.

મૃત્યુ પહેલાં કે પછી પણ મનુષ્ય બની અમર થવું છે.

પ્રભુની કૃપાથી જગતમા ને સંસારના માનવોની 'દુહા' કહો કે 'આશીર્વાદ' મળશે તેવું હું માગું છું. ને મારે જીવનને એવી નમ્ર વિનંતી સાથે આ ઠાકોરજીની અસીમ કૃપાથી મનુષ્ય માટેનો રસથાળ પિરસ્યો છે. પ્રસાદ તરીકે આરોગજો.

**ત્રણ વાનાં મુજને મળ્યાં હૈયુ, મસ્તક, હાથ,**
**બહુ દઈ દીધું નાથ ! જા ચોથું કંઈ નથી માંગવું'.**

**- ગીતા રાજેન્દ્ર કડકીઆ (લટકારી) ના**
**જે જે શ્રી ગોકુલેશ**

## દાનની યાદી

**શ્રી વાડાસીનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ**

શ્રી સતીષચંદ્ર ભીખાલાલ પરીખ (રોકડીઆ) તરફથી રૂા. ૨૫,૦૦૦/-નું માતબર દાન ટ્રસ્ટ તથા મંડળને મળેલું છે.

દાન તેમના પત્ની સ્વ. ઈંદીરાબેન સતીષચંદ્ર પરીખની સ્મૃતિમાં મળેલ છે.

**સંસ્થા તેમનો આભાર માને છે.**

**- કિરીટભાઈ ધારીઆ - માનદ્‌મંત્રી**


સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# 'લાલખા બેરા T -૨૦' ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૯-૧૭'

**ટુર્નામેન્ટ માટેના નિયમો નીચે મુજબ રહેશે**

૧) ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૬ ઓગસ્ટ ૨૦૧૬ રહેશે.

૨) ટુર્નામેન્ટ માટે વહેલા તે પહેલાના ધોરણે ૬૦ પ્લેયરોની એન્ટ્રી લેવામાં આવશે.

૩) મેચની તારીખ પાછળથી આપવામાં આવશે.

૪) દરેક પ્લેયરની ફી રૂા. ૫૦૦/- રહેશે.

૫) ફોર્મ સ્વીકારવા માટેનો સમય અને સ્થળ નીચે મુજબ રહેશે.

એ) **સંઘની ઓફીસઃ** ઓફીસ ટાઈમ સોમવારથી શનિવાર બપોરના ૩ વાગ્યાથી ૭ વાગ્યા સુધી. બુધવાર છોડીને, રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨ વાગ્યા સુધી

બી) **શ્રી ચીરાગ પરીખ :** C/o ટવીસાએનક્ષ, ૨૨ પીંજારા લેન, ઓફ.એ.આર સ્ટ્રીટ, મુંબઈ -૩ ફોન નંબરઃ ૯૮૨૧૫૭૪૮૫૬

સી) **શ્રી અલ્પેશ ધારીઆ :** C/o ભારત એસ્બેસ્ટોસ, ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૩, ફોન નંઃ ૯૮૩૩૮૬૭૬૦૧

**મંત્રી : શ્રી ભાવેશ મોદી** **સંયોજક : શ્રી ચિરાગ પરીખ - ૯૮૨૧૫૭૪૮૫૬**

## શ્રી બાલાસિનોર નવયુવક સંગ આયોજીત
# 'જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ - ૨૦૧૬-૨૦૧૭

**જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો નીચે મુજબ છે.**

૧) ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૨૬ ઓગસ્ટ ૨૦૧૬

૨) ૨૬ ઓગસ્ટ ૨૦૧૬ પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

૩) ફોર્મ સ્વીકારવાના સ્થળ અને સમય નીચે મુજબ છે.

એ) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફીસઃ** ઓફીસ ટાઈમ સોમ થી શુક્રવાર બપોરના ૩ થી ૭ વાગ્યા સુધી બુધવાર છોડીને, રવિવાર : સવારના ૧૦.૩૦ થી ૧૨ વાગ્યા સુધી

બી) **શ્રી ચીરાગ પરીખ :** C/o ટવીસાએનક્ષ, ૨૨ પીંજારા લેન, ઓફ.એ.આર સ્ટ્રીટ, મુંબઈ - ૩ ફોન નંબરઃ ૯૮૨૧૫૭૪૮૫૬

સી) **શ્રી અલ્પેશ ધારીઆ :** C/o ભારત એસ્બેસ્ટોસ, ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૩, ફોન નંઃ ૯૮૩૩૮૬૭૬૦૧

૪) ટુર્નામેન્ટમાં રમવા માટે પ્લેયરની જન્મ તારીખઃ ૧-૧૦-૨૦૦૦ સુધી અથવા એનાથી પહેલા હોવી જરૂરી છે. ૧૬ વર્ષની નીચેના પ્લેયરોની નિમણુંક કમિટીને આધીન રહેશે.

૫) ટુર્નામેન્ટ માટે વહેલા તે પહેલાના ધોરણે ૬૮ પ્લેયરોના ફોર્મ સ્વીકારવામાં આવશે.

૬) સમગ્ર ટુર્નામેન્ટ નો પ્લેયર દીઠ ફી રૂા. ૩,૦૦૦/- રહેશે.

૭) ઉપરોક્ત ફીમાં બપોરનું જમવાનું, એમ્પાયરનો ખર્ચ તથા સ્કોરરનો ખર્ચ સમગ્ર ટુર્નામેન્ટ માટેનો સામેલ રહેશે.

૮) દરેક પ્લેયરે ટુર્નામેન્ટની મેચ દરમ્યાન સવારના ૯.૩૦ વાગ્યે હાજર રહેવું. ૧૦.૧૫ વાગ્યા પછી જે પ્લેયર ગ્રાઉન્ડ ઉપર આવશે તેને કોઈ પણ સંજોગોમાં મેચ રમવા માટે સામેલ કરવામાં આવશે નહીં.

૯) જે પ્લેયરે ગ્રાઉન્ડ છોડવું હશે તેને ક્રિકેટ કમિટીની મંજુરી લેવી પડશે.

૧૦) દરેક પ્લેયરે વ્હાઈટ પેન્ટ, વ્હાઈટ મોજા અને વ્હાઈટ બુટ કમ્પલસરી પહેરવાના રહેશે. ટુર્નામેન્ટના નિયમ મુજબ કલરંગ ટીર્શટ દરેક પ્લેયરને આપવામાં આવશે.

૧૧) દરેક મેચ ૪૦ ઓવરની રહેશે. જો મેચ ટાઈ થશે તો જીતવા માટે રન રેટ ગણાશે.

૧૨) દરેક બોલર ૯ ઓવર નાખી શકશે.

૧૩) દરેક પ્લેયરે ફોર્મમાં પોતાની રમવાની ખાસીયત તથા ઘરનો, ઓફીસનો અથવા મોબાઈલ નંબર જરૂરથી લખવા.

૧૪) કોઈ પણ પ્લેયરને કોઈ ખાસ કારણસર ગ્રાઉન્ડ છોડવું હશે તો તેને ક્રીકેટ કન્વીનર, ટીમના કેપ્ટન અને સામેની ટીમના કેપ્ટનની પરમીશન લેવાની રહેશે. અને તેઓને બે કલાકમાં ગ્રાઉન્ડ ઉપર પાછું આવવાનું રહેશે.

૧૫) કોઈપણ પ્રકારની જાણ કર્યાવગર સંઘને ઉપરના નિયમો ફેરબદલ કરવાની પુરી સત્તા રહેશે.

૧૬) મેચની તારીખો અંદાજે ૨૨-૧૦-૧૬, ૨૩-૧૦-૧૬, ૫-૧૧-૧૬, ૬-૧૧-૧૬, ૧૯-૧૧-૧૬ અને ૨૦-૧૧-૧૬ના દિવસોમાં રમાશે. ફાઈનલ રમવાની તારીખ પાછળથી આપવામાં આવશે. તારીખોમાં ફેરફાર શક્ય છે.

૧૭) દરેક પ્લેયરે ફોર્મ પોતાની જાતે જ ભરવા પડશે. ક્રિકેટ કમિટી કે કન્વીનરની કોઈ જવાબદારી એમાં રહેશે નહીં.

૧૮) ફોર્મ સંઘની વેબસાઈડ, **vadsol.org** પરથી ડાઉનલોડ કરી શકાશે.

૧૯) સંઘના નીતી અને નિયમો મુજબ જ ફોર્મ સ્વીકારવામાં આવશે.

૨૦) કોઈ પણ જાતની પૂછ પરછ માટે કન્વીનર શ્રી ચિરાગ પરીખનો સંપર્ક કરવો.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી** **સંયોજક : શ્રી ચિરાગ પરીખ - ૯૮૨૧૫૭૪૮૫૬**



શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી. જનરલ હૉસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.

૧) **શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાંત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પઃ** તા. ૧૫-૭-૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૪ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં ગોધરાના બાળરોગ નિષ્ણાંત ડૉ. પ્રિયાંક શાહે સેવાઓ આપેલ.

૨) **ઈકો કેમ્પઃ** તા. ૩-૭-૧૬ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૨૦ દર્દીઓના ઈકો રાહત દરથી કરવામાં આવેલ.

૩) **આંખની છારી કાઢવાનો કેમ્પઃ** તા. ૨૨-૭-૧૬ના રોજ કુલ ૨૨ દર્દીઓને રાહત દરથી છારી કાઢવામાં આવેલ.

માહે એપ્રીલ-૧૬ થી જુન - ૧૬ના માસ દરમ્યાન હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ વિભાગોમાં દર્દીઓએ લીધેલ લાભની વિગતઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | : ૪૩૮ |
| ૨. | ઈચ્છાબેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | : ૧૫૯૯ |
| ૩. | મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફીજીઓથેરાપી વિભાગ | : ૧૯૫ |
| ૪. | ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | : ૧૫૬૭ |
| ૫. | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ | સુતિકા વિભાગ | : ૧૨૫ |

**માનદ્ મંત્રીશ્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

જૂન મહિનાનો કાર્યક્રમ તા. ૪-૬-૧૬ શનિવારે બપોરે ૨.૩૦ કલાકે મહિલા આધાર ભવન કાંદિવલી ખાતે GAMES-2 નો રાખવામાં આવ્યો હતો. મહિલા વિભાગના ઈતિહાસમાં પ્રથમ વખત કાંદિવલીમાં યોજેલ આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ આ કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક સભ્ય બહેનોનો આભાર. ૨૫૦ બહેનોને ચાર ગ્રુપ બનાવી ગેમ રવાડવામાં આવી હતી. દરેક વ્યક્તિને Group તેમજ Individual ઈનામ આપવામાં આવ્યા હતા. આશરે ૬ વાગ્યે Game Show સમાપ્ત થયા બાદ સૌ અલ્પાહાર કરી છૂટા પડયા હતા.

મહિલા વિભાગના આગામી કાર્યક્રમની જાહેરાત તા. ૨૪-૯-૧૬ શનિવારે સાંજે ૬ થી ૧૦ દરમ્યાન Family Navratri નો રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પાસના રૂપિયા રૂા.૫૦/- રાખવામાં આવ્યા છે. પાસ તા. ૧૦-૯-૧૬ શનિવારે બપોરે ત્રણ થી ચાર દરમિયાન સંસ્થાની ઓફિસમાંથી અથવા કોઈ પણ કમિટી મેમ્બર પાસેથી મેળવી શકાશે.

આ કાર્યક્રમ માટે જાહેરખબર આપવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિને સંયોજકનો સંપર્ક કરવા વિનંતી.

**મંત્રીઃ ભાવેશ મોદી, સંયોજક : અમી ધારીઆ**

---

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

| No. | Scheme | Amount |
|---|---|---|
| 1. | Education Scheme for Chartered Accountants (CA) Course | 5,00,000/- |
| 2. | Education Scheme for Cost and Work Accountants (ICWA) Course | 5,00,000/- |
| 3. | Education Scheme for Company Secretary (CS) Courses | 5,00,000/- |
| 4. | Education Scheme for Cost & Financial Analyst (CFA) Course | 5,00,000/- |
| 5. | Primary Education Scheme (K.G. & Std. I to IV) | 7,50,000/- |
| 6. | Master Degree Course (Other than Medical) | 11,00,000/- |
| 7. | Education Scheme for Diploma Courses | 11,00,000/- |
| 8. | Education Scheme for Coaching Classes (Std. I-IX) | 11,00,000/- |
| 9. | Education Scheme for Coaching Classess (Std. X-XII) | 11,00,000/- |
| 10. | Education Scheme for Coaching Classes (Professional Courses) | 11,00,000/- |

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

આજથી પાંચ વર્ષ પહેલા મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરીયાતને ધ્યાનમાં લઈ, પ્રત્યેક દાતા તરફથી પાંચ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક દાન-યુનીટ આવકારતી યોજના જાહેર કરવામાં આવી હતી. જેનાં ઉપક્રમે દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવતી.

આ દાન-યુનીટ યોજનાને દાતાઓ તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો અને તેને અનુલક્ષી આ યોજના આવતા પાંચ વર્ષના સમયગાળા માટે પણ ચાલુ રાખવામાં આવી છે.

આ દાન-યુનીટ યોજનાનાં રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા ઈચ્છુક દાતાઓને આ સાથે નવેસરથી અપીલ કરીએ છીએ. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળ અને કાર્યવાહક સમિતીના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**- માનદ્‌મંત્રીઓ : મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બીપીન શેઠ**

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો. ઓપ. ક્રે. સો. લીમીટેડ

૩૦મી વાર્ષિક સામાન્ય સભામાં જાહેર થયા મુજબ સોસાયટી દ્વારા ડીવીડન્ડના વાઉચરો તા. ૨૦-૮-૨૦૧૬ થી આપવામાં આવેલ છે. સૌ સભ્યોને વિનંતી કે તેઓએ પોતાના ડીવીડન્ડના વાઉચરો સોસાયટીમાંથી ૧૨ થી ૪ના સમય દરમ્યાન વહેલામાં વહેલી તકે મંગાવી લે.

જે કોઈ સભ્યોએ K.Y.C. ફોર્મ જમા ન કરાવ્યા હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે જમા કરાવવું અને જુના સર્ટીફીકેટો બદલીને નવા સર્ટીફીકેટો તથા પોતાનું ડીવીડન્ડ મેળવી લેવું.

લોન લેનાર સભ્યોની ગેરેન્ટરો શોધવાની તકલીફને ધ્યાનમાં રાખતા હવે પછી ગેરેન્ટરની લીમીટ રૂપિયા ૫૦,૦૦૦/- થી વધારીને રૂપિયા ૧,૦૦,૦૦૦/- (ગેરેન્ટરની મંજુરી મેળવ્યા બાદ)ની ગેરેન્ટીનો નિર્ણય કારોબારીને આધીન રહેશે.

**હાલમાં વ્યાજના દરો નીચે મુજબ છે.**

**લોનમાં**

| | | |
|---|---|---|
| ધંધાકીય | - | ૧૨ ટકા |
| રહેઠાણની જગ્યા | - | ૯.૫૦ ટકા |
| ગાડી/સ્કુટર | - | ૧૦ ટકા |
| ઈતર | - | ૧૦ થી ૧૧ ટકા |

**રીકરીંગ ડીપોઝીટમાં વ્યાજના દરો**

| | | |
|---|---|---|
| ૧ વર્ષ થી ૨ વર્ષની અંદર | - | ૬ ટકા |
| ૨ વર્ષ થી ઉપર | - | ૭ ટકા |

| **ફીક્સ ડીપોઝીટમાં** | **વ્યાજના દરો** | **સીનીયર સિટિઝન** |
|---|---|---|
| ૧ વર્ષ થી ૨ વર્ષની અંદર | ૬ ટકા | ૬.૫૦ ટકા |
| ૨ વર્ષ સુધી જ | ૭ટકા | ૭.૫૦ ટકા |

**લિ. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રે.સો.લી.**
**કારોબારીવતી**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હોસ્પીટલ સહાય યોજના - સ્વાસ્થ્ય યોજના

- **શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના**
- **શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પીટલ સહાય યોજના**
- **શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર**
- **ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી**
- **શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ**

### અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૬-૧૭) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

**સમીર જયેન્દ્ર ગાંધી :** નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧લે માળે, અજમેરા હાઉસ,
૬૩/૬૭, પાઠકવાડી, લુહાર ચાલ, મુંબઈ - ૨, ફોન નંબર : ૨૨૦૬૦૨૯૪

**મંત્રીઃ ભાવેશ મોદી** **સંયોજકઃ સમીર જયેન્દ્ર ગાંધી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ગિરિ પૂજા 'કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

# જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિયાતમંદ વિદ્યાર્થીભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૧૮-૯-૨૦૧૬ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળઃ શ્રી બાલાસિનોર નવયુવક સંઘ.

ઓફીસઃ ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૭ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી અને સમીર જયેન્દ્ર ગાંધીઃ નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ-૨ ફોન નંબરઃ ૨૨૦૬૦૨૯૪ ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રીઃ ભાવેશ મોદી** **સંયોજકઃ સમીર જયેન્દ્ર ગાંધી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત**

**શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (મે.સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત**

# આંતરિક રમત - ગમત ૨૦૧૬-૨૦૧૭

**સ્પર્ધાના નામો**

**(૧) કેરમ સીંગલ્સ અને ડબલ (૨) કેરમ સીંગલ્સ (૩) કેરમ સુપર હિટ મુકાબલા (૪) ચેસ**

કન્વીનરને ગેમ રદ કરવી અથવા બદલવાનો અધિકાર રહેશે.

આ સ્પર્ધાનું આયોજન તા. ૧૮-૯-૨૦૧૬ રવિવારના રોજ સવારે ૯.૩૦ વાગે સંસ્થાની ઓફિસમાં સી.પી.ટેન્ક ખાતે શરૂ થશે. ફક્ત કેરમની બધીજ ગેઈમ્સ રમાડવામાં આવશે તેમજ ૨૫-૯-૧૬ રવિવારે સવારે ૯.૩૦ વાગે સંસ્થાની ઓફિસમમાં સી.પી.ટેન્ક ખાતે ચેસ રમાડવામાં આવશે. જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તો તે શ્રી અજીત નટવરલાલ મોદી મો.: ૯૮૬૯૦૨૯૪૮૬ અથવા સંસ્થાની ઓફીસમાં સંપર્ક કરવા વિનંતી. એન્ટ્રી માટે રૂા. ૫૦ ભરવાના રહેશે.

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજકઃ અજીત નટવરલાલ મોદી**

# SHRI VADASINOR GOKULESH SAMAJ

C/O, Shree Balasinor Pragati Samaj, 45/49, Babu Genu Road, off: Kalbadevi, Mumbai-400 002

DT: 21st July ' 2016

## NOTICE OF 20th ANNUAL GENERAL MEETING

TO ALL MEMBERS

Notice is hereby given that 20th Annual General Meeting of the Members of Shri Vadasinor Gokulesh Samaj will be held under President Ship of Shri Navnitlal Chandulal Parikh (Sarkar) on Saturday 3rd day of September 2016, at 6.00 p.m at Wilson School A.C Hall, V.P Road, Mumbai-400 004, to transact the business as contained in the Agenda.

**AGENDA**

1. To read and confirm the Minutes of 19th Annual General Meeting held on 8th day of September 2015 and to pass the Resolution thereof.
2. To read and confirm the annual report for the working of the Samaj for the year 2015-2016 and to pass the necessary Resolution thereof.
3. To present and adopt the Audited Income & Expense account along with Balance Sheet and Auditor's report of the Samaj for the accounting year ended on 31st day of March 2016 and to pass the necessary Resolution thereof.
4. To appoint Auditor and to fix his remuneration for the accounting year 2016-2017 and to pass the necessary Resolution.
5. To discuss and decide the tenure of the present Managing Committee members in terms of number of years.
6. Any other matter with the permission of the Chair.

**NOTES**

1. If the meeting is adjourned for the want of quorum, the adjourn meeting will be held after half an hour at the same venue and same date, irrespective of quorum, to transact the business contained in the Agenda.
2. Members are requested to bring their own copy of Annual report sent to them. Additional copy will not be provided in the A.G.M, as a measure of economy.
3. Members have the right to information pertaining to the accounts and or other information related to the Samaj, subject to their written queries to the Hon. Secretary on or before 18th August 2016.

For & on behalf of Shri Vadasinor Gokulesh Samaj

Shri Manjul S. Dharia    Shri Bhupendra S. Kadakia    Shri Kirti Hiralal Kadakia

**Hon. Secretaries**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

૧) **મુકેશ જયંતીલાલ ધારીઆ**
ફ્લેટ નં. ૩૯, પાંચમે માળે,
શાંતિ બિલ્ડીંગ નં.૧, ૧૯
ડૉ. જી.દેશમુખ માર્ગ,
જસલોક હોસ્પિટલની બાજુમાં, પેડર રોડ,
મુંબઈ - ૪૦૦૦૨૬
ફોનઃ ૨૩૫૧૬૬૪૫

૨) **પરીખ દીપેશ લાલચંદ**
દર્શન બિલ્ડીંગ
ફ્લટે નં.૨૦૨,
હેપ્પી હોમ કોમ્પલેક્ષ, જે.એસ.રોડ,
દહીંસર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૮
મોબાઈલ : ૯૮૬૯૦૩૨૮૮૦
૯૮૧૯૦૬૯૩૬૬

### તેજસ્વી તારલા

૧) **આયુષી વિનેશ શાહ (કડુજી)**

કંપની સેક્રેટરી ઈન્સ્ટીટયુટ દિલ્હી દ્વારા આયોજીત એન્ટ્રસ ટેસ્ટમાં સમગ્ર દેશમાં ૨૪મું સ્થાન પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થયેલ છે. ઓલ ઈન્ડીંયા રેંક ૨૪ મેળવેલ છે.

૨) **શાહ નૂપૂર નિમિષ**

એસ.એસ.સી. બોર્ડમાં ૮૯.૪૦ ટકા એ ઉર્તીણ થયા છે.

૩) **હર્ષ હિતેષ પરીખ**

એચ.એસ.સી.માં ૮૯.૫૪ ટકા તેમજ સી.પી.ટી.માં ડીસ્ટીંકશન મેળવી ઉત્તીર્ણ થયા છે.

**સંસ્થાવતી સૌને અભિનંદન**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| અલકાબેન નિકુંજ કડકીઆ (સીતારામ) | ૬૦ |
| પ્રવિણચંદ્ર પૂનમચંદ કડકીઆ (વલ્લભઘેલા) | ૮૫ |
| ચંદ્રકલાબેન હસમુખભાઈ પરીખ (સેવાલીયાવાળા) | ૮૩ |
| નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (બખલી) | ૮૭ |
| રસિકલાલ કોદરલાલ શાહ | ૯૩ |
| શોભાબેન વિનુભાઈ મોદી (દેવવાળા) | |
| રસિકલાલ કોદરલાલ કાપડીઆ | |
| અશોકભાઈ ચીમનલાલ કડકીઆ (ખીસાદાર) | ૭૪ |
| ગીરીશભાઈ કાપડીઆ | |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

### વિશેષ નોંધ :

**સર્વ જ્ઞાતિજનો તથા સર્વ સંસ્થાઓનો નમ્ર વિનંતી જ્યોતિપુંજમાં છાપવાની દરેક બાબત-વિગતો ફક્ત ગુજરાતી ભાષામાંજ લખી મોકલવી. ગુજરાતી સિવાય અન્ય ભાષામાં મોકલાવેલી વિગતો પ્રગટ નહીં કરી શકાય તે માટે આપ સર્વ સહકાર આપશો.**

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

**તંત્રી : બંકિમ પરીખ**